GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
24/7 365 SERVICE
➤ સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા ➤ સાઉન્ડ લેસ પાવર
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
31-03-2027 પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો 2 + 3 વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૪૫ * * * સંવત ૨૦૮૨ અષાઢ સુદ સાતમ , સોમવાર ૨૦ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦


# ઉત્તર અને પૂર્વ ભારતને ધમરોળતું ચોમાસું : 17નાં મોત

**સૌથી** વધુ અસર જમ્મુ-કાશ્મીરમાં : પુંછ, રાજૌરીમાં ભૂપ્રપાત અને ઘોડાપૂરના બનાવો, 12નાં મોત

**ઉત્તરાખંડમાં** પણ ભારે વરસાદ, બેનાં મોત, બંગાળ, યુપીમાં ચોમાસુ સક્રિય, ભારે વરસાદની આગાહી





નવી દિલ્હી, ૧૯ જુલાઈ (PTI): ઉત્તર અને પૂર્વ ભારતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સક્રિય રહેવાને કારણે રવિવારે વરસાદી ઘટનાઓમાં, ભૂસ્ખલન અને અચાનક આવેલા પૂરમાં ઓછામાં ઓછા ૧૭ લોકોનાં મોત થયા છે.

ભારતીય હવામાન વિભાગે(IMD) આગામી ૬-૭ દિવસ દરમિયાન ઉત્તર, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં ચોમાસું સક્રિય રહેવાની આગાહી કરી છે, જ્યારે આગામી ૭ દિવસ માટે પશ્ચિમ-મધ્ય અને દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં ઓછો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. જમ્મુ અને કાશ્મીરમાં સૌથી વધુ નુકસાન થયું છે, જ્યાં સરહદી જિલ્લાઓ પુંછ અને રાજૌરીમાં મૂસળધાર વરસાદને કારણે ભૂસ્ખલન અને અચાનક પૂર આવવાથી ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા છે અને અન્ય કેટલાક લોકો ગુમ થયા છે. આ ઘટનાને પગલે વિવિધ એજન્સીઓ દ્વારા સંયુક્ત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. સૌથી વધુ તારાજી પુંછ જિલ્લાના સુરનકોટ તાલુકામાં નોંધાઈ છે, જ્યાં મોટાભાગના લોકોનાં મોત થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સતત પડી રહેલા વરસાદ અને ક્ષતિગ્રસ્ત રસ્તાઓ વચ્ચે બચાવ ટુકડીઓ ગુમ થયેલા લોકોને શોધવા માટે સમય સાથે હોડ કરી રહી છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ વરસાદ અને અચાનક આવેલા પૂરથી પ્રભાવિત જિલ્લાઓની સ્થિતિની સમીક્ષા કરી હતી અને અધિકારીઓને અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત તેમજ સહાય સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો. તદુપરાંત, હવામાન વિભાગે આગામી થોડા દિવસોમાં જમ્મુ-કાશ્મીરમાં વ્યાપક વરસાદની આગાહી કરી હોવાથી સત્તાવાળાઓએ પહેલગામ અને બાલતાલ રૂટ પર અમરનાથ યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે. અધિકારીઓએ કાશ્મીર ક્ષેત્રના બાલતાલ અને નુનવાન/ચંદનવાડી બેઝ કેમ્પ તેમજ જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસથી આગળ વધવા પર પ્રતિબંધ મૂક્યો છે. રવિવારે વહેલી સવારે કાશ્મીરના જંગલોમાં વાદળ ફાટવાની ઘટનાઓ સાથે વરસાદ શરૂ થયો હતો. ઈશાન ભારતના નાગાલેન્ડમાં ઉનાં મોતના હેવાલ છે.

ઉત્તરાખંડમાં, મોટાભાગના વિસ્તારોમાં સતત થઈ રહેલા વરસાદ વચ્ચે હરિદ્વાર જિલ્લામાં વીજળી પડવાથી બે લોકોના મોત થયા છે. વહીવટીતંત્રે 10 જિલ્લાઓ

અનુસંધાન પાના ૨ પર ➲

## ભારે વરસાદની આગાહી વચ્ચે અમરનાથ, વૈષ્ણો દેવી, શિવ ખોરી યાત્રા સ્થગિત

શ્રીનગર/જમ્મુ, તા. 19 (PTI): ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (આઈએમડી) દ્વારા આગામી થોડા દિવસોમાં સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં વ્યાપક વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ સત્તાવાળાઓએ રવિવારે કાશ્મીરમાં અમરનાથ યાત્રા તેમ જ જમ્મુમાં માતા વૈષ્ણો દેવી અને શિવ ખોરી ધામની યાત્રાઓ અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે.અમરનાથ યાત્રા પહલગામ અને બાલતાલ બંને રૂટ પરથી સ્થગિત કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, કાશ્મીરમાં બાલતાલ અને નુનવાન/ચંદનવાડી બેઝ કેમ્પ તેમ જ જમ્મુમાં ભગવતી નગર યાત્રી નિવાસથી શ્રદ્ધાળુઓને આગળ વધવાની મંજૂરી આપવામાં આવશે નહીં. અહીં એક અધિકારીએ જણાવ્યું કે, "આઈએમડી દ્વારા જારી કરવામાં આવેલી ખરાબ હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવા માટે આગોતરા પગલા રૂપે 19.07.2026થી પહલગામ અને બાલતાલ રૂટ સહિત તમામ બેઝ કેમ્પથી શ્રી અમરનાથજી યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત રહેશે." અધિકારીએ કહ્યું, "(અમરનાથ) યાત્રા ફરી શરૂ કરવા અંગેની અપડેટ્સ રૂટની સુરક્ષા સુનિશ્ચિત કર્યા પછી અને હવામાનની સ્થિતિનું વ્યાપક મૂલ્યાંકન કર્યા બાદ આગામી સમયમાં જારી કરવામાં આવશે." કાશ્મીરના જંગલોમાં વાદળ ફાટવાની સાથે રવિવારે વહેલી સવારે વરસાદ શરૂ થયો હતો. હવામાન વિભાગે 19થી 23 જુલાઈ દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં મધ્યમથી વ્યાપક વરસાદની આગાહી કરી છે.



## નાગાલેન્ડમાં ભારે વરસાદથી હાહાકાર: ત્રણનાં મોત, અનેક ઘરો તણાયા

**ભેખડો** ધસી પડતા અનેક રસ્તાઓ બંધ : મકાનો, રસ્તાઓ, ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વ્યાપક નુકસાન

**કાટમાળ** નીચે કેટલાયે દટાયા હોવાને કારણે મૃત્યુઆંક વધવાનો ભય

કોહિમા, તા. ૧૯(PTI) નાગાલેન્ડના મોન જિલ્લા મથકમાં રવિવારે મુસળધાર વરસાદને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલને ભારે તબાહી મચાવી છે, જેમાં ઓછામાં ઓછા ચાર લોકોનાં મોત થયા છે. અને પાંચથી વધુ લાપતા છે. આ કુદરતી આપત્તિમાં અનેક ઘરો તણાઈ ગયા છે, રસ્તાઓ બ્લોક થઈ ગયા છે અને કેટલાય લોકો કાટમાળ નીચે ફસાયા હોવાની આશંકા છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે ખરાબ હવામાન અને મુશ્કેલ ભૂપ્રદેશ હોવા છતાં, બચાવ ટીમોએ બચેલા લોકોને શોધવા માટે કાટમાળ હટાવવાની કામગીરી ચાલુ રાખી છે અને અત્યાર સુધીમાં એક મહિલા અને એક પુરુષના મૃતદેહ મળી આવ્યા છે. કલાકો સુધી પડેલા ભારે વરસાદ બાદ આવેલા પૂર અને ભૂસ્ખલનને કારણે મોન શહેરમાં ઘરો, રસ્તાઓ અને જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વ્યાપક નુકસાન થયું હોવાના અહેવાલ છે, જેમાં કેટલાક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને મુખ્ય માર્ગો બંધ થઈ ગયા છે. કાટમાળ નીચે હજુ પણ કેટલાય લોકો દટાયા હોવાની આશંકા હોવાથી સત્તાધીશોએ મૃત્યુઆંક વધવાની શક્યતાને નકારી નથી.

નાગાલેન્ડ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જોઈન્ટ સીઈઓ જોની રુઆંગમેઈએ જણાવ્યું હતું કે, રવિવારે વહેલી સવારથી પડી રહેલા અવિરત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પૂર અને પાણી ભરાઈ ગયા છે, જ્યારે પહાડી ઢોળાવ પર ભૂસ્ખલનને કારણે મુખ્ય રસ્તાઓ

અનુસંધાન પાના ૨ પર ➲

## કાશ્મીરના સાંબામાં એક સપ્તાહમાં બીજું ડ્રોન મળ્યું

જમ્મુ, તા. ૧૯ (પીટીઆઈ) : જમ્મુ અને કાશ્મીરના સાંબામાં સેનાને એક ડ્રોન મળી આવ્યું છે, જે સરહદી જિલ્લામાં એક અઠવાડિયાની અંદર આ પ્રકારની બીજી રિકવરી છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. સરહદ પારથી થતી દાણચોરી અને ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવવાના સતત પ્રયાસો વચ્ચે આ રિકવરીને પગલે સુરક્ષા એજન્સીઓ દ્વારા દેખરેખ અને તપાસ તેજ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટેરિટોરિયલ આર્મીના જવાનોએ શનિવારે મોડી રાત્રે પુરમંડલ વિસ્તારના સાંગર ખેતરોમાંથી શંકાસ્પદ પાકિસ્તાની ડ્રોન જપ્ત કર્યું હતું. ડ્રોન ક્યાંથી આવ્યું છે, તેની તક્નિકી વિશિષ્ટતાઓ અને તેનો ઉપયોગ સરહદ પારની કોઈ પ્રવૃત્તિ માટે કરવામાં આવ્યો હતો કે કેમ તે નક્કી કરવા માટે તેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યું છે.

## મધ્યપ્રદેશ કેબિનેટે યુસીસી બિલના ડ્રાફ્ટને મંજૂરી આપી

**બહુપત્નીત્વ**, નિકાહ હલાલા પર પ્રતિબંધ અને લિવ-ઇન રિલેશનશિપની નોંધણી સહિતના મુદ્દા સામેલ

**આજથી** શરૂ થતાં રાજ્ય વિધાનસભાના ચોમાસુ સત્રમાં બિલ તરીકે રજૂ કરવામાં આવશે

ભોપાલ, તા. 19 (પીટીઆઈ) મધ્ય પ્રદેશ કેબિનેટે રવિવારે સમાન નાગરિક સંહિતા (યુસીસી) બિલના ડ્રાફ્ટને મંજૂરી આપી દીધી છે, જેનાથી એક સમાન નાગરિક કાયદાનો માર્ગ મોકળો થયો છે જે ટ્રિપલ તલાક અને 'નિકાહ હલાલા'ને અપરાધ જાહેર કરે છે, બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકે છે અને જો લિવ-ઈન રિલેશનશિપની એક મહિનાની અંદર નોંધણી કરવામાં ન આવે તો ત્રણ મહિનાની જેલની સજાની દરખાસ્ત કરે છે.

સોમવારથી શરૂ થઈ રહેલા વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન આ બિલ રજૂ કરવામાં આવશે.

તે પરિણીત માતા-પિતાના સંતાનો–ભલે તે જૈવિક (બાયોલોજિકલ) હોય, દત્તક લીધેલા હોય, અથવા સરોગસી કે એઆરટી દ્વારા જન્મેલા હોય– તેમને સમાન કાનૂની અધિકારો આપવાની અને તમામ બાળકોને તેમની વૈવાહિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સમાન વારસાના અધિકારો આપવાની દરખાસ્ત પણ કરે છે, જ્યારે અનુસૂચિત જનજાતિ (એસટી)ને આ બિલના દાયરામાંથી મુક્ત રાખવામાં આવ્યા છે.

પ્રસ્તાવિત કાયદા હેઠળ, લિવ-ઈન રિલેશનશિપથી જન્મેલા બાળકોને કાનૂની દરજ્જો આપવામાં આવશે અને જો પુરુષ ભાગીદાર સ્ત્રી ભાગીદારને છોડી દે છે તો તે કાયદેસરની પત્નીની જેમ જ સક્ષમ અદાલત દ્વારા ભરણપોષણનો દાવો કરી શકે છે.

તે આદિવાસી સમુદાયોને બાદ કરતાં તમામ ધર્મો માટે લગ્ન અને છૂટાછેડાની નોંધણી પણ ફરજિયાત બનાવે છે.

## વર્લ્ડકપ ફાઇનલ પહેલા જ ન્યૂયોર્કમાં પૂરની સ્થિતથી ચિંતા

**નજીકના** ન્યૂજર્સીમાં રવિવારે સાંજે ફાઇનલ મેચ થાય તે પહેલા ન્યૂયોર્ક-ન્યૂજર્સી વિસ્તારમાં વરસાદી તોફાન પછી પૂર





ન્યૂયોર્ક, તા. ૧૯: ફૂટબોલ વર્લ્ડ કપ ફાઈનલ પહેલા ન્યૂયોર્કમાં ભારે પૂર આવ્યું છે, જેના કારણે સેંકડો ચાહકો આ મહામુકાબલો જોવાનું ચૂકી જાય તેવું જોખમ ઊભું થયું છે, જ્યારે અમેરિકા આ ટૂર્નામેન્ટમાં છેલ્લી મેચમાં આવી પરિસ્થિતિઓ સામે ઝઝૂમી રહ્યું છે.

સ્થાનિક સમય પ્રમાણે રવિવારે સાંજે આ સ્પર્ધાની ફાઈનલમાં સ્પેન અને આર્જેન્ટિના સામસામે ટકરાશે, અને આ મેચ ન્યૂયોર્ક સિટીથી આશરે પાંચ માઈલ દૂર ન્યૂ જર્સીના મેટલાઈફ સ્ટેડિયમમાં રમાવાની છે. આ ટૂર્નામેન્ટમાં મોટાભાગનું ધ્યાન હવામાન પર રહ્યું છે, જેમાં ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ બંનેની મેચો કુદરતી પરિબળો – પછી તે અતિશય ગરમી હોય કે વીજળી પડવાની ચેતવણી – ના કારણે મોડી પડી હતી. અને, છેલ્લી એક વખત માટે, આજે સાંજે યોજાનારી ફાઈનલના કિક-ઓફ (શરૂઆત) ના સમય પર શંકાના વાદળો ઘેરાયા છે, જે પૂર્વીય સમય મુજબ બપોરે ૩ વાગ્યે નિર્ધારિત છે. ટૂર્નામેન્ટની ફાઈનલની પૂર્વસંધ્યાએ ન્યૂયોર્કના રસ્તાઓ પૂરના પાણીમાં ડૂબી ગયા હતા, જ્યાં ભારે વરસાદે ભારે તબાહી મચાવી હતી. કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી અને રાહદારીઓ છાતી સુધીના પાણીમાંથી પસાર થતા જોવા મળ્યા હતા. સ્થાનિક સમય પ્રમાણે શનિવારે મોડેથી વરસાદી તોફાન પછી આવેલા પૂરને કારણે ન્યૂયોર્ક મહાનગરની શેરીઓ પાણીથી ભરાઈ ગઈ હતી અને અનેક ફ્લાઈટો રદ કરવી પડી હતી કે મોડી પડી હતી.

## વાંગચુકને અન્ય હોસ્પિટલમાં ખસેડવાની અરજી હાઈકોર્ટે ફગાવી

**વાંગચૂકની** પત્નીએ હોસ્પિટલ પરથી વિશ્વાસ ઉઠી ગયો હોવાનું કહી તે બદલવા અરજી કરી હતી



નવી દિલ્હી, તા. ૧૯(PTI): સામાજિક ચળવળકાર સોનમ વાંગચુકના પત્નીએ જણાવ્યું છે કે તેમણે વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડવાની મંજૂરી મેળવવા માટે દિલ્હી હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે, અને તેઓ રવિવારે જ પોતાની અરજી પર તાકીદની સુનાવણીની માંગ કરશે. હાઈકોર્ટે તાકીદની સુનાવણી હાથ ધરી હતી અને અરજી નકારી કાઢી હતી.

હોસ્પિટલ પરથી પોતાનો વિશ્વાસ ઉઠી ગયો છે તેમ ભારપૂર્વક જણાવતા ગીતાંજલિ જે. આંગમોએ કહ્યું

અનુસંધાન પાના ૨ પર ➲

તા. ૧૯-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું

### હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૭૧.૦ મીમી | મોસમનો ૮૯૧.૦ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૧૩.૧૨ ફૂટ | આઉટફ્લો ૮૫૦.૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 30.૯ સે. | ૨૫.0 સે. | ૮૫% |

## આજે CJPની સંસદ કૂચ : દિલ્હીમાં હાઇએલર્ટ

**CJPની** કૂચ પહેલા રાજધાની કિલ્લામાં ફેરવાઈ, દરેક પ્રવેશ બિંદુ પર કડક દેખરેખ

**રવિવારે** આંદોલનના સ્થળે ૨૦૦૦૦ જેટલા લોકો ભેગા થઇ ગયા હોવાનો અંદાજ

નવી દિલ્હી, તા. ૧૯(PTI): કોકરોચ જનતા પાર્ટી(CJP)ના 'ચલો સંસદ' કૂચના એક દિવસ પહેલા, રવિવારે જંતર-મંતર પર સમર્થકોના ભારે ઘોડાપૂર ઉમટતા તે એક ચુસ્ત વિરોધ પ્રદર્શન છાવણીમાં ફેરવાઈ ગયું હતું. પાર્ટીના સ્થાપક અભિજીત દીપ્કેએ આખી રાત ચોકી જાગરણ રાખવા માટે આહ્વાન કર્યું હતું, જ્યારે સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકના પત્નીએ જણાવ્યું હતું કે જો રાજકીય નેતાઓ સંસદમાં શિક્ષણની જવાબદારીનો મુદ્દો ઉઠાવવાની ખાતરી આપે તો વાંગચુક તેમના ભૂખ હડતાળનો અંત લાવશે. જંતર-મંતર પર

અનુસંધાન પાના ૨ પર ➲

### 'ચલો સંસદ' કૂચ માટે પરવાનગી અપાઇ નથી : દિલ્હી પોલીસ

નવી દિલ્હી, તા. ૧૯: દિલ્હી પોલીસે રવિવારે જણાવ્યું હતું કે સોમવારે સંસદ સત્ર શરૂ થાય તે પહેલાં સમગ્ર રાષ્ટ્રીય રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી છે. આ સાથે જ કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા પ્રસ્તાવિત 'ચલો સંસદ' માર્ચ માટે કોઈ પરવાનગી માંગવામાં આવી નથી કે આપવામાં આવી નથી તેમ પણ સ્પષ્ટ કરાયું છે. એક નિવેદનમાં દિલ્હી પોલીસે જણાવ્યું કે, તેમને પ્રસ્તાવિત માર્ચ અંગેના અહેવાલો મળ્યા હતા, પરંતુ આવી કોઈ વિરોધ પ્રદર્શન યાત્રા કે સરઘસ માટે મંજૂરી આપવામાં આવી નથી. દિલ્હી પોલીસે

અનુસંધાન પાના ૨ પર ➲


